# <u>ફોજદારી કેસ નંબર–૭૩૨/૨૦૨૫ના કામે કમીટલ હુકમ</u>

**<u>આંક–</u>**

**<u>–ક મી ટ લ ઠ રા વ–</u>**

૧) આ કામના આરોપીઓ સામે માંગરોળ પોલીસ મથકેથી તપાસના અંતે માંગરોળ પોલીસ સ્ટેશન ગુના રજી. નંબર–૧૧૨૦૩૦૩૮૨૫૦૨૯૭/૨૦૨૫ થી બી.એન.એસ. કલમ–૭૫(૧),૧૧૫(૨),૧૨૬(૨),૨૯૬(બી),૩૫૧(૩),૫૪ મુજબના ગુના સબબ ચાર્જશીટ અત્રેની અદાલતમાં દાખલ કરવામાં આવેલ છે. આરોપીઓ સામેના ગુના સબબ નામદાર સેશન્સ અદાલતને ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા છે, તેવી વૈધાનિક જોગવાઇ છે.

૨) આ કામે આરોપીઓને તેમની વિરુધ્ધના ગુનાના કામે પોલીસ પેપર્સની નકલો આપી, આરોપીઓનો જવાબ (પ્લી) નોંધતા, તેમણે તેમના સ્વખર્ચે વકીલ રોકવા જણાવેલ છે.

૩) ઉપરોક્ત હકિકત ધ્યાને રાખતાં, આ કેસની ઈન્સાફી કાર્યવાહી અત્રેની અદાલતને કરવાની સત્તા ન હોઇ, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– હુ ક મ –**

૧) આ કામના આરોપીઓ સામેનો હાલનો કેસ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૨૩૨ અન્વયે નામદાર એડીશ્નલ સેશન્સ કોર્ટ, કેશોદ તરફ કમીટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આરોપીઓને તારીખ–૧૭/૦૮/૨૦૨૬ના રોજ નામદાર સેશન્સ કોર્ટ, કેશોદ સમક્ષ હાજર રહેવા જાણ કરવામાં આવે છે.

૩) આ કામનુ તમામ રેકર્ડ તથા મુદ્દામાલ નામદાર એડીશ્નલ સેશન્સ કોર્ટ કેશોદમાં મોકલી આપવું તથા આ કેસ કમીટ થયાની જાણ મદદનીશ સરકારી વકીલશ્રી, કેશોદનાઓને કરવી.

આ હુકમ આજ તારીખ ૦૭મી, માહે જુલાઇ, સને ૨૦૨૬ ના રોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહિ કરી જાહેર કર્યો.

**તારીખ–૦૭/૦૭/૨૦૨૬**
**સ્થળ–માંગરોળ**

**(એસ.પી.ચોપરા)**
**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.**
**માંગરોળ**